Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# 'પોલિટેકનીક - એક ટોયલેટ કથા'

**રાઠોડ પ્રેમસિંહ ડી.**
પીએચ. ડી. વિદ્યાર્થી, હેમ. ઉ. ગુ. યુનિ,પાટણ.

***સારાંશ:***

*આધુનિક સમાજની અંદર ગ્રામીણ વિસ્તાર કે શહેરી વિસ્તાર હોય દરેક જગ્યાએ કુદરતી હાજત જવા માટેના પ્રશ્નો દરેક જગ્યાએ અલગ-અલગ હોવાં છતા તેની સુવિધાઓ વિશે વિચારણા અને તેના મારખાગત પરિવર્તન માટે સતત પ્રયત્નો કરવાં છતાં પણ કુદરતી હાજત જવા માટેનો પ્રશ્ન દરેક જગ્યાએ જોવા મળતો હોય છે. ખાસ કરીને ગામડાની સ્ત્રીઓ માટે કુદરતી હાજતે જવા માટેનો પ્રશ્ન વિકરાર પ્રશ્ન બનીને તેમની સામે સતત ઉભેલો જોવા મળે છે. તો શહેરી વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતી સ્ત્રીઓ માટે પણ કુદરતી હાજતનો પ્રશ્ન વિકટ બની રહે છે. જેના અનુસંધાન રૂપ આ વાર્તામાં લેખક દ્વારા કુદરતી હાજતના પ્રશ્નને સુંદર રીતે પોતાની વાર્તાની અંદર નિરૂપણ કરીને નારી સંવેદનાને ઉજાગર કરવાનું અને કુદરતી હાજત જવા માટે સ્ત્રીઓને પડતી મુશ્કેલીઓનું નિરૂપણ જોવા મળે છે. આધુનિક ભારતની અંદર ભારત સરકાર દ્વારા 'સોચ ત્યાં શૌચાલય' અભિયાન દ્વારા દરેક ઘરમાં શૌચાલય બનાવી આપવાનું બીડું ઝડપવામાં આવ્યું છે. તો આધુનિક સમયમાં 'ટોયલેટ એક પ્રેમ કથા' જેવી ફિલ્મો પણ આ સમસ્યાનું નિરૂપણ કરે છે તો ઘણા સમય પહેલા 'પોલિટેકનીક' વાર્તા દ્વારા લેખકે કુદરતી હાજતના પ્રશ્નને વાચકો સમક્ષ મુકીને નારીઓની સમસ્યાનો નિરૂપણ કરવાનો સુંદર પ્રયાસ આ વાર્તામાં જોવા મળે છે.*

*કી વર્ડ: પોલિટેકનીક, મહેન્દ્રસિંહ પરમાર, કુદરતી હાજત, ટોયલેટ, નારી સંવેદના*

---

મહેન્દ્રસિંહ તખતસિંહ પરમારનો જન્મ બીજી ઓક્ટોમ્બર ૧૯૬૭ માં સુરેન્દ્રનગર જિલ્લાના કુકણ ગામમાં થયેલો. તેઓ ભાવનગર યુનિવર્સિટીના ભાષાભવનમાં અધ્યક્ષ તરીકે કામગીરી કરે છે. તેઓ વાર્તાકાર, વિવેચક અને દિગ્દર્શક તરીકે જાણીતા છે. તેમના ગદ્યમાં આગવી છાપ જોવા મળે છે. તેમના 'પ્રથમ' નામના સંગ્રહમાં વિવેચન સંગ્રહો જોવા મળે છે. તો 'પોલિટેકનીક' નામે વાર્તા સંગ્રહ જોવા મળે છે. તેમને 'રખડુંનો કાગળ' નામે નિબંધ સંગ્રહમાં પોતે કરેલા નર્મદા કિનારે અને ડાંગના જંગલોના પ્રવાસના સંસ્મરણોને લેખકે પત્રરૂપે પોતાના બાપુજીને લખ્યા છે. જે પત્રલેખન શૈલીમાં લખાયેલ નિબંધોને કારણે આગવી છાપ ઉભી કરે છે.[૧] આ મહેન્દ્રસિંહ પરમારની આગવી લેખનકળાની સિદ્ધી દર્શાવે છે.

**શબ્દસૃષ્ટી અંક જાન્યુઆરી ૨૦૦૨'પોલિટેકનિક' વાર્તાના લેખક મહેન્દ્રસિંહ પરમાર છે.** પ્રસ્તુત વાર્તાની અંદર નારી સંવેદના પ્રગટ થતી જોવાં મળે છે. આજનો ઝળહળતો પ્રશ્ન સ્ત્રીઓને કુદરતી હાજત કરવા માટે ખુલ્લામાં જવું પડે છે. જેના કારણે સ્ત્રીઓને પડતી હાલાકી તથાં લોકોની ખરાબ નજરનો સામનો કરવો વગેરે પ્રશ્નોનું પ્રસ્તુત વાર્તામાં આલેખન જોવાં મળે છે. વાર્તાની શરૂઆતમાં ઘણા દિવસથી કુદરતી હાજત જવાનો પ્રશ્ન દૂર થયો હતો, હવે બધી બાયું પોલિટેકનિકના મેદાનમાં કુદરતી હાજત કરવા માટે જતી હતી. પરંતુ એ પોલિટેકનિક કૉલેજમાં મેદાન ફરતે દીવાલ થવા લાગતાં બધી બાયું હવે ત્યાં કુદરતી હાજત કરવા જશે તે વિશે વિચારે છે. તે પોતાનાં જુના દિવસોને યાદ કરે છે. રમણની વહુ પરણીને આવેલી ત્યારે તેને સવારે જવાની ટેવ. તેને સાસુને પુછ્યું ત્યારે સાસુએ રાત્રે જવાનું કહ્યું ત્યારે એક વર્ષ સુધી તેને રાત્રે જવાનો સમય પત્રક કરવા થયેલું. ડેલીમાં બાયું પરણીને આવે

ત્યારબાદ આ સમસ્યાથી ટેવાતાં તે બધી બાયુંને વહેલું મોડુ થયેલું પરંતુ તે બધી ટેવાઈ ગયેલી. પછી રોજ રાત્રે બધી બાયું બાજુની બિનખેતીલાયક જમીનમાં જતી પરંતુ ત્યાં મકાન બંધાવાના કારણે બધી સ્ત્રીઓને બીજી જગ્યા શોધવી પડે છે. ત્યારબાદ એ. વી. સ્કૂલનું મેદાન છે ત્યાં બધી બાયું જાય છે . પરંતુ ત્યાં રાત્રે ‘નાઈટ ક્રિકેટ’ મેચ રમવાને કારણે ત્યાં પણ જઈ શકાતું નથી. પછી બધી બાયું ભીખાની ચાલીમાં જવાનો રસ્તો છે ત્યાં લોકોની અવર-જવર ઓછી છે ત્યાં કુદરતી હાજત કરવા જાય છે પરંતુ ચાલીના લોકો ત્યાં ભગવાનનાં નામના પથ્થરો મૂકી દેતા બાયું ત્યાં પણ જઈ શકતી નથી. પછી બાયું રેલ્વે સ્ટેશને અમદાવાદની ટ્રેનમાં સવારે વહેલા જાય છે. પરંતુ એક વાર ટ્રેન ઉપડી પડતાં કંકુડી અને જીવલી નામની સ્ત્રીઓને પંદર કિલોમીટર ચાલીને આવવું પડેલું ત્યારથી ત્યાં પણ જવાનું બંધ થઇ ગયું. ત્યારબાદ દુકાલિયા ગામના તળાવમાં બધા જવાનું ચાલુ કરે છે પરંતુ ત્યાં પણ ગોલ્ડન સરકસ આવતા ત્યાં પાંજરામાં રહેલી સિંહણને જોતા પોતે પણ પાંજરામાં પૂરાઈ ગઈ હોય તેવું આ બાયુંને લાગે છે. પછી બધી બાયું સર્કીટ હાઉસના રસ્તા ઉપર કુદરતી હાજત કરવા માટે જાય છે પરંતુ ત્યાં લાલબત્તીવાળી મોટર તથા માણસોની ખરાબ નજરને કારણે ત્યાં બધા જવાનું બંધ કરે છે તથા પોલીસવાળાએ તેમને હાંકી કાઢેલી જેના કારણે હવે ક્યાં જવું તેનો વિચાર બધી બાયું કરે છે. વચ્ચે કોર્પોરેશનની ચૂંટણી આવવાના કારણે બે સંડાસ બનાવી આપેલ પરંતુ વસ્તી વધારે હોવાને કારણે બાયુંની સમસ્યા હલ ના થઇ. બાયું કુદરતી હાજત ટાળવા માટે અવનવા પ્રયોગો કરે છે. જેમ કે પાંચ-પાંચ નાનકડા પા’ણા (પથ્થર) રાખવાનું, ડૂંટીમાં થૂંક ચોપડવાનુંય બાયુંએ કરી જોયું પરંતુ પછી બધી બાયુંએ દૂર આવેલી પોલિટેકનિક કૉલેજની ફાજલ જમીનમાં જવાનું ચાલુ કર્યું. અહીં આ વ્યવસ્થાથી બધી બાયુ ખૂબ ખૂશ હતી. ખૂલ્લામાં જવાની અને મુક્ત થવાથી તેમનો આનંદનો પાર ન રહેતો. પરંતુ મેદાનની આજુબાજુ દીવાલ ચણી દેતાં તે પણ બંધ થયું. હવે બાયું મુંજાઈ અને બધાએ મળીને નક્કી કર્યું કે ‘સો વાતની એક વાત પોલિટેકનિક બંધ થાય ઈ હવે ન પોહાય!’ [૨] અને બધી બાયું મળી રાતે કોસ લઈને દીવાલમાં પાડી દીધું પાંચ ફૂટનું મોટું બાકોરું અને પછી આ બાયું માટે આ પોલિટેકનિકની જગ્યા સ્વર્ગ સમાન બની જાય છે જ્યાં તેમને પરમ શાંતિનો અનુભવ થાય છે અને આ બાયું સિંહણની જેમ પાંજરામાંથી છૂંટી ગઈ હોય તેમ એક પછી એક વટથી કુદરતી હાજત કરવા માટે જાય છે.

પ્રસ્તુત વાર્તામાં નારી સંવેદના વ્યક્ત થતી જોવાં મળે છે. ડેલામાં રહેતી બાયુંઓને કુદરતી હાજત જવા માટે કેવી-કેવી તકલીફો પડે છે તેનું વર્ણન લેખકે અહીં કરેલ છે. કુદરતી હાજત જેવી નિત્ય ક્રિયા માટે રોજ - રોજ અહીંથી ત્યાં જવું અને દરેક જગ્યા પરથી પોતાને હાંકી કાઢનાર લોકો સામે અંતે ડેલાની બાયું પોલિટેકનિકના મેદાનમાં જાય છે પરંતુ ત્યાં પણ દીવાલ ચણાઈ જવાના કારણે શું કરીશું? ક્યા નવી જગ્યા શોધીશું? તેથી બાયું દિવાલમાં બાકોરું પાડીને તે જગ્યા માટે પોતાનો વિરોધ સમાજ તરફ પ્રગટ કરતી હોય તેવું લાગે છે. આજે પણ એવાં કેટલાંય ગામ અને શહેર છે ત્યાં સ્ત્રીઓને કુદરતી હાજત કરવા માટે ખુલ્લામાં જવું પડે છે અને સ્ત્રીઓને મને કમને પણ બહાર પોતાની આ ક્રિયા પૂર્ણ કરવા માટે પણ જવું પડે

છે. લેખકે સ્ત્રીઓની આ સમસ્યા તરફ આંગળી ચીંધીને તેમની મુક વેદના અહીં રજુ કરી છે. વાર્તામાં પાત્રો જોવાં મળતાં નથી. પરંતુ ક્યાંક-ક્યાંક નામોનો ઉલ્લેખ જોવાં મળે છે જેવા કે જીવલી, કંકુડી જેવી સ્ત્રી પાત્રોના ફક્ત નામ જોવાં મળે છે. તો વાર્તામાં ફક્ત સ્ત્રીઓની સમસ્યાનું આલેખન હોવાને કારણે કોઈપણ પુરુષ પાત્ર વાર્તામાં જોવાં મળતું નથી તેથી વાર્તા નારી પ્રધાન બની રહે છે. તો વાર્તામાં પાત્રો ન હોવાને કારણે સંવાદો ઓછા જોવા મળે છે. પરંતુ કોઈ-કોઈ જગ્યાએ બાયું ભેગી મળીને વાતું કરે છે તે વખતે સંવાદ જોવાં મળે છે. વાર્તામાં જોવા મળતી

ભાષા સૌરાષ્ટ્રનાં ગામડાં ગામની તથા અમદાવાદના ઝોપડપટ્ટી વિસ્તારની જોવાં મળે છે. તો વાર્તાનું શીર્ષક 'પોલિટેકનિક' યથાયોગ્ય છે. ડેલામાં રહેતી બાયુંને રાત્રે કુદરતી હાજત કરવા માટે પહેલા ખેતરમાં પછી એ.વી. સ્કૂલનું મેદાન પછી ભીખાની ચાલી ત્યારબાદ રેલ્વે સ્ટેશનના ડબ્બામાં ત્યારબાદ અંતે પોલિટેકનિક કોલેજના મેદાનમાં બાયું કુદરતી હાજતે જાય છે પરંતુ ત્યાં ચારેતરફ મેદાન બાજુ દીવાલ બનવાને કારણે ત્યાં જવાનું બંદ થતા હવે નવી જગ્યા ન હોવાને કારણે તથા પોલિટેકનિક જેવી છુટ ન હોવાને કારણે અંતે બધી બાયું ભેગી મળીને તે દીવાલમાં બાકોરું પાડીને ત્યાં કુદરતી હાજત કરવા માટે જાય છે અને આ પોલિટેકનિક કોલેજનું મેદાન તેમની સમસ્યાનું નિવારણ કરે છે જેથી વાર્તાનું શીર્ષક 'પોલિટેકનિક' સર્વથા સુયોગ્ય લાગે છે જે વાર્તામાં બનતી ઘટનાનું કેન્દ્ર બની રહે છે તો ઘટના અંતની ચોટ વાચકને સ્પર્શી જાય છે. વર્તમાન સરકાર દ્વારા સ્વચ્છ ભારત અને શૌચાલય નિર્માણની ઝૂંબેશ ચલાવવામાં આવી છે તથા 'ટોયલેટ એક પ્રેમકથા' જેવી ફિલ્મની અંદર શૌચાલય વિના સ્ત્રીઓને પડતી હાલાકીનું નિરૂપણ દર્શકોને જાગૃત કરી જાય છે. આમ 'ટોયલેટ એક પ્રેમકથા' ફિલ્મના ઘણા સમય પહેલા લખાયેલી આ વાર્તા ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિ છે.

❖ **સંદર્ભસૂચિ**

**૧. ગુ. રા. શા. પા. મં – ડાંગવનો અને . . . - મહેન્દ્રસિંહ પરમાર , પૃ. ૬૩**

૨. **શબ્દસૃષ્ટિ અંક ૨૦૦૨ જાન્યુઆરી 'પોલિટેકનિક' - મહેન્દ્રસિંહ પરમાર , પૃ. ૨૧**